ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૨૩-૦૮-૨૦૨૧

## બોરસદ(આંણદ) ખાતે અંજલી મલ્ટી સ્પેશિયાલીસ્ટ હોસ્પિટલ દ્વારા બોરસદનું સૌથી મોટુ તૈયાર કરાયેલ ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ભારતીય જનતા પાર્ટી એક અખબારી યાદીમા જણાવે છે કે આજ રોજ ગુજરાત પ્રદેશના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે બોરસદ(આંણદ) ખાતે અંજલી મલ્ટી સ્પેશિયાલીસ્ટ હોસ્પિટલ દ્વારા બોરસદનું સૌથી મોટુ તૈયાર કરાયેલ ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ સાથે ICU ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

બોરસદની પ્રખ્યાત સુપર અને મલ્ટી સ્પેશિયાલીટી અંજલી હોસ્પીટલમાં મેગા કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમ નીચે મુજબની નવનિર્મિત સેવાઓનું લોકાર્પણ સમાજના અગ્રણીઓ દ્વારા કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારશ્રી દ્વારા કોરોનાની ત્રીજી લહેર ને પહોંચી વળવા માટે ભીન્ન પ્રકારની કસરત કરવામાં આવી રહી છે. અંજલી હોસ્પીટલએ પ્રથમ અને દ્વિતિય કોવિડ લહેર દરમિયાન આણંદની જનતા માટે આશીર્વાદ સ્વરૂપ બની રહી હતી. અને સરકારશ્રી સાથે રહીને હોસ્પીટલ દ્વારા ૪૦૦૦ થી પણ વધારે દર્દીઓને સેવા આપવામાં આવી હતી . બોરસદ ગામમાં પોતાનું ઓક્સિજન પ્લાન્ટ ધરાવતી આ પ્રથમ હોસ્પીટલ છે. જે કોવિડ કે અન્ય કોઈ પણ પ્રકારની મેડીકલ સુવિધા માટે હવે કોઈ પ્રકારની જહેમત ગામવાસીઓ ને નહિ ઉઠાવી પડે.

આ પ્રસંગે હાજર મુખ્ય મહેમાન શ્રી સી.આર.પાટીલ સાહેબે હોસ્પીટલના પ્રમોટર ડો પાર્થભાઇ શાહ તથા ડિરેક્ટર શ્રી સાગરભાઇ શાહને આ ખાસ સુવિધા ઉપલબ્ધ કરવા બદલ અભિનંદન પાઠવ્યા તથા ઉપલબ્ધ દરેક ડોક્ટર્સ અને નર્સિંગ સ્ટાફ ને તેમની અવિરત સેવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

આ સમારંભ દરમિયાન આણંદના સાંસદશ્રી મિતેશભાઇ પટેલ સાથે આંણદ જીલ્લાના પ્રમુખશ્રી વિપુલભાઇ પટેલ, આંણદ શહેર પ્રમુખશ્રી મિતુલભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મિતેશ ભાઈ દ્વારા અંજલી હોસ્પીટલના ફૂલ ટાઈમ ડોક્ટરની ટીમનું ખાસ અભિવાદન કરવામાં આવ્યું તથા કોવિડ સિવાયની અન્ય સુવિધા મોટા પાયે ચાલુ કરવા બદલ શુભેચ્છા વ્યકત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બોરસદ શહેરનું સૌથી સુસજ્જ આઇસીયુનું પણ આજ દિવસે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ફૂલ ટાઈમ આઇસીયુ ઇન્ટેન્સિવિસ્ટ ડોક્ટર્સ ધરાવતી આ બોરસદની એક માત્ર હૉસ્પિટલ છે સાથે આઇસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ સેવાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

અંજલી મલ્ટી હોસ્પીટલ દ્વારા બોરસદ અને આજુબાજુના ૪૦ થી વધુ ગામડા માટે એક આશીર્વાદ બની છે. બોરસદ ગામના ડોક્ટર્સ પણ ઉત્કૃષ્ટ સેવા આપવા માટે હવે અંજલી હોસ્પિટલ સાથે જોડાયેલા છે. ડો વિજય ઠાકર , ડો ઘનશ્યામ ગઢવી , ડો અમૂલ રાજ , ડો પ્રશાંત પટેલ સ્પેશિયલીસ્ટ સેવા બજાવે છે તથા વડોદરાના પ્રખ્યાત ડો કમલદીપ ચાવલા , ડો કુશન નાણાવટી , ડો નિરજ ભટ્ટ , ડો સોનિયા દલાલ વગેરે સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓ આપી રહ્યા છે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)